## ❖ અભ્યાસ પ્રસ્નોતર

પ્રશ્ન 1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે [ ]માં લખો :

(1) આજના સમયમાં પત્ર લખવાનું ઓછું થઈ ગયું છે, કારણ કે....... [ખ]

(ક) સૌ આળસુ થઈ ગયા.

(ખ) સંદેશાવ્યવહારનાં આધુનિક માધ્યમો વધ્યાં.

(ગ) પત્રો મોંઘા થયા.

(ઘ) પત્રો મળતા નથી.

(2) સમગ્ર દેશમાં જિલ્લા તરીકે કચ્છનો બીજો નંબર છે. તેનું કારણ ... [ખ]

(ક) રણપ્રદેશ છે.

(ગ) ઉદ્યોગો વિકસ્યા છે.

(ખ) વિસ્તાર મોટો છે.

(ઘ) વિકસિત જિલ્લો છે.

(3) કચ્છનું ધોળાવીરા ગામ શાના માટે પ્રખ્યાત છે? [ક]

(ક) જુના અવશેષો માટે

(ખ) ભરતગૂંથણ માટે

(ગ) સફેદ રેતી માટે

(ઘ) બંદરવિકાસ માટે

(4) કચ્છમાં નથી....... [ઘ]

(ક) નારાયણ સરોવર.

(ગ) હાજીપીરની દરગાહ,

(ખ) જેસલ-તોરલની સમાધિ.

(ઘ) રુદ્રમહાલય.

પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તરે એક-એક વાક્યમાં આપો ?

(1) પત્ર લખતી વખતે તમે તમારું સરનામું કઈ બાજુ લખશો?

➢ પત્ર લખતી વખતે હું મારું સરનામું પત્રનો મથાળે જમણી બાજુ લખીશ.

(2) આપન્નાથી મોટી વ્યક્તિને પત્ર લખતી વખતે કર્યું સંબોધન કરીશું?

- આપણાથી મોટી વ્યક્તિને પત્ર લખતી વખતે 'પૂજ્ય', 'આદરણીય' કે 'મુરબ્બી' સંબોધન કરીશું.

(3) અત્યાર સુધી આપણે કચ્છને કેવા પ્રદેશ તરીકે ઓળખતા હતા?

- અત્યાર સુધી આપણે કચ્છને રણપ્રદેશ તરીકે ઓળખતા હતા.

(4) કચ્છની સીમાઓ શાનાથી વીંટળાયેલી છે?

- કચ્છની સીમાઓ સમુદ્ર, રણ અને પર્વતથી વીંટળાયેલી છે.

(5) કચ્છની ઉત્તર-પૂર્વમાં કયું રાજય આવેલું છે?

- કચ્છની ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન રાજ્ય આવેલું છે.

(6) ધોળાવીરા ક્યાં આવેલું છે?

- કચ્છનો ખડીર નામે એક ભાગ ચારે તરફ રણથી ઘેરાયેલો છે. આ ખડીર બેટની વચ્ચે ધોળાવીરા નામનું નાનું ગામ આવેલું છે.

## ❖ સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) કચ્છનું નામ કેવી રીતે પડ્યું?

- વર્ષો પહેલાં કચ્છ ચારે બાજુ પાણીથી ઘેરાયેલો ટાપુ હતો, એનો આકાર કાચબા જેવો હતો. તેથી તેનું નામ 'કચ્છ' પડ્યું.

(2) કચ્છ જિલ્લાની સરહદ સાથે જોડાયેલા વિસ્તાર વિશે લખો.

- કચ્છ જિલ્લાની ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા તથા પાટa, દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને દક્ષિણમાં કચ્છનો અખાત છે. કચ્છની લિન્ન-પશ્ચિમે અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

(3) આ પત્રમાં કચ્છનાં ક્યાં-કયાં જાણીતાં સ્થળોનો ઉલ્લેખ થયો છે?

➢ આ પત્રમાં કચ્છનાં આ જાણીતાં સ્થળોનો ઉલ્લેખ થયો છે :
ધોળાવીરા, નારાયણ સરોવર, ધીણોધરનો ડુંગર, કાળો ડુંગર, ભુજિયો ડુંગર, ભદ્રેશ્વર, સુથરી કોઠારા, રવેચી માતાનું મંદિર, હાજીપીરની દરગાહ અને કંડલા બંદર.

(4) કંડલા બંદર વિષે પાંચ – સાત વાક્યો લખો?

- કંડલા કચછના અખાત ઉપર આવેલું ગુજરાતનું જાણીતું બંદર છે. 1947માં ભારતના ભાગલા પડ્યા અને કરાંચી બંદર પાકિસ્તાનમાં જતું રહ્યું. તે ફલા કંઠનો વિકાસ કરવામાં આવ્યો છે.
- કંડલા ડૌસા સાથે મીટરગેજથી અને અમદાવાદ સાથે બ્રોડગેજથી જોડાયેલું છે, વિમાનમાર્ગે તે રાજકોટ-મુંબઇ સાથે જોડાયેલું છે.
- કંડુલા ભારેથી મુખ્યત્વે રશિયા, યુ.એસ.એ., કેનેડા, ઑસ્ટ્રેલિયા, મધ્ય પૂર્વન દેશો, જાપાન, યુ.કે. તેમજ એશિયાઈ અને આફ્રિકન દેશોમાં માલસામાનની અ◌ાપન-નિકાસ થાય છે.

(5) ઘા મેકરા વિરો પાંચ વાક્યો લખો?

- ધ્રા મેકરશ કાના સંત, કવિ અને મહાત્મા હતા. મેકરઘાના છે મુંગા મિત્રો હતા - એક લાલિયો ગધેડો ને બીજો મોતિયો કુતરો. ઘદાનાં પરોપકારી કાર્યો જા ને પ્રાણીઓને આભારી રાતાં. કચ્છ અને કાઠિયાવાડમાં ઠેરઠેર એમનાં ભજનો ને સાખીઓ ભાવપૂર્વક ગવાય છે. સંવત 1756ના આસો વદ 14ને શનિવારે સવારે કચ્છના પંચું ગામે પોતાના બાર સંતપુરુષોની મંડળી સાથે તેમણી જીવતાં સમાધિ લીધી હતી.

પ્રશ્ન 2. નીચેનાં સંદેશાવ્યવહારનાં માધ્યમો વિશે ચાર-પાંચ વાક્યો લખો

➢ ફેક્સ (2) સેલફોન (3) ઈ-મેઈલ

**(1) ફેક્સ: (Fax)** એ ફક્સીમલિ ઍનોડાઇઝડ ઝેરોક્સ(Factinue Annodide Xerox)નું ટૂંકું રૂપ છે. સંદેશાવ્યવહારનું એ એક એવું વીજાણું પત્ર છે કે જે લેખિત સંદેશા કે દસ્તાવેજની નકલ દૂરદૂરના સ્થળે મોકલી શકે છે અને ત્યાંથી દસ્તાવેજો મેળવી શકે છે.

**(2) સેલફોન:** 1979માં જાપાનમાં અને ત્યાર પછી 1993માં અમેરિકામાં સેલ્યુલર ટેલિફોન સેવા શરૂ થઈ. ભારતમાં 1997થી આ સેવા શરૂ થઈ. આ ચલિત(Mobile)ટેલિફોન સેવા માટે

તારના જોડાણની જરૂરત પડતી નથી. આ ટેલિફોન-સેવા માઇક્રોવેવ રેડિયો-તરંગો દ્વારા ચાલે છે.

- મોબાઈલ ટેલિફોન દ્વારા ટૂંકા, લેખિત સંદેશાની સેવા (SMS -Short Messaging Service) પણ ચાલે છે.

**(3) ઇ-મેઇલ :** ઈન્ટરનેટ શરૂ થયા પછી ઇન્ફોર્મેશન-માહિતી-યુગ થયો. ઇન્ટરનેટના ઉપયોગથી ઈ-મેઈલ (Electronic Mail) નામની અત્યંત ઝડપી સંદેશાવ્યવહાર-સેવા ઉપલબ્ધ થઈ. આંખના પલકારાથી પણ ઓછા સમયમાં કમ્પ્યુટર,
દ્વારા સંદેશા મોકલી કે મેળવી શકાય છે; છબી તેમજ અહેવાલની નકલ મોકલી મેળવી શકાય છે. બે વ્યક્તિ વચ્ચે વાતચીત (Chatting) પન્ન થઈ શકે છે.

### પ્રશ્ન 3. નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડો :

| ક્રમ | 'અ' | 'બ' |
|---|---|---|
| 1. | ખદિર | કચ્છ આધુનિક નગર |
| 2. | ધીણીધર ડુંગર | બેટ |
| 3. | કાળો ડુંગર | ધોરમનાથની તપશ્ચર્યા |
| 4. | ભૂજિયો ડુંગર | ગુરુ દાતાત્રેયનાં પગલાં |
| 5. | ગાંધીધામ | ભુજ શહેર |

- ઉતર :-

| ક્રમ | 'અ' | 'બ' |
|---|---|---|
| 1. | ખદિર | બેટ |
| 2. | ધીણીધર ડુંગર | ધોરમનાથની તપશ્ચર્યા |
| 3. | કાળો ડુંગર | ગુરુ દાતાત્રેયનાં પગલાં |
| 4. | ભૂજિયો ડુંગર | ભુજ શહેર |
| 5. | ગાંધીધામ | કચ્છ આધુનિક નગર |

### પ્રશ્ન 4.નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ પ્રમાણે ગોઠવો :

તપશ્ચર્યા, ભદ્રેશ્વર, હાજીપીર, દરિયો, ધીણોધર, સંસ્કૃતિ

- તપશ્ચર્યા, દરિયો, ધીણોધર, ભદ્રેશ્વર, સંસ્કૃતિ, હાજીપીર

પ્રશ્ન 5. નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો :

(1) કચછ (2) પાકતીક (3) તીરથ (4) પ્રદેશ (5) સેત્રપાળ (6) લીખીતન

- (1) કચ્છ (2) પ્રાકૃતિક (3) તીર્થ (4) પ્રદેશ (5) ક્ષેત્રપાળ (6) લિખિતંગ